# વાર્ષિક અહેવાલ તથા પ્રમાણપત્ર-પ્રાપ્ત વિદ્યાર્થીઓની યાદી : ૨૦૨૨-૨૩

ડી. ડી. ઠાકર આર્ટ્સ અને કે. જે. પટેલ કોમર્સ કૉલેજનું ખાતમુહુર્ત ૧૯૮૬માં પરમ પૂજ્ય દેવીશ્રી ચંદુબાના વરદ્ હસ્તે થયું હતું. આજે એ ઘટનાને 36 વર્ષ થયાં એનો આનંદ વ્યક્ત કરું છું. આ કૉલેજ શરુ થયા પછી તેના ધુરાવાહકોની દીર્ઘદૃષ્ટિ, આશીર્વાદ તથા વિશ્વાસુ સહકારથી દિનબદિન પ્રગતિ સાધતી રહી છે. આ દરમિયાન સંસ્થાએ અનેક સિદ્ધિ હાંસલ કરી છે. અનેક વિદ્યાર્થી આ સંસ્થામાંથી શિક્ષણ મેળવીને વિવિધ પદ/હોદ્દા પર પહોંચ્યા છે. કૉલેજના પ્રાધ્યાપકો પણ પોતાના વિષયમાં વધુ 'ને વધુ સજ્જ થતા રહ્યા છે. હરણાવ, ભીમાક્ષી અને કૌશાંબી એવી ત્રણ નદીના ત્રિવેણી સંગમની પાવન ભૂમિ પર ધબકતી અને વિકસતી રહેલી આ સંસ્થા સતત પ્રવૃત્તિશીલ પણ રહી છે. તે પરંપરામાં આ શૈક્ષણિક વર્ષે જે કંઇ પ્રવૃત્તિ થઇ તેનો અહેવાલ નીચે મુજબ છે.

## * કૉલજનું તથા યુનિ.નું પરિણામ - માર્ચ-જૂન ૨૦૨૨ :

| વર્ગ | પરીક્ષામાં બેઠા | પાસ | પ્રથમ વર્ગ | કોલેજની ટકાવારી | યુનીવર્સિટીની ટકાવારી |
|---|---|---|---|---|---|
| બી.એ.સેમ – ૨ | ૪૦૩ | ૨૭૪ | - | ૭૧.૯૧ | ૭૫.૯૫ |
| બી.એ.સેમ – ૪ | ૪૫૨ | ૩૫૬ | - | ૮૩.૯૬ | ૭૬.૦૧ |
| બી.એ.સેમ – ૬ | ૩૬૩ | ૨૯૫ | ૪૮ | ૮૧.૨૬ | ૮૩.૦૦ |
| બી.કોમ.સેમ – ૨ | ૩૮ | ૧૩ | - | ૩૭.૧૪ | ૫૬.૭૦ |
| બી.કોમ.સેમ – ૪ | ૨૨ | ૧૯ | - | ૮૬.૩૬ | ૭૬.૧૭ |
| બી.કોમ.સેમ – ૬ | ૨૧ | ૧૮ | ૦૭ | ૭૧.૪૨ | ૭૪.૭૬ |
| એમ.એ.સેમ -૨ | ૧૦૩ | ૯૧ | - | ૮૫.૮૪ | ૯૪.૫૯ |
| એમ.એ.સેમ -૪ | ૧૩૮ | ૧૨૬ | ૪૪ | ૯૫.૪૫ | ૯૩.૨૦ |

## * વાર્ષિક અહેવાલ (૨૦૨૨-૨૩) :

### (૧) સંસ્કૃત વિભાગ :

વિભાગીય પ્રવૃત્તિ :

- તા.૧૬/૨/૨૨ ને બુધવારના રોજ સંસ્કૃત સેવા સંવર્ધન અને સોમનાથ સંસ્કૃતયુનિવર્સિટી સોમનાથ દ્વારા સંસ્કૃત ભાષાનું મહત્વ અને સંસ્કૃત યુનિવર્સિટી સોમનાથનો પરિચય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંસ્કૃત યુનિવર્સિટી સોમનાથના વેદ વેદાંગ વિભાગના ડીન શ્રી ડૉ.શત્રુઘ્ન પાણીગ્રાહી ઉપસ્થિત રહ્યા હતા.
- આ વિભાગ દ્વારા ગીતા જયંતી અને સંસ્કૃત દિવસની ઉજવણી થતી રહે છે.

➢ **ડૉ કે.ડી. પટેલ (અધ્યક્ષ : સંસ્કૃત વિભાગ )**

- તા.૨૦/૨/૨૩ નારોજ બી.સી.શાહ આર્ટ્સ કોલેજ વડાલીમાં યોજાયેલા રાજ્ય કક્ષાના પરિસંવાદના શોધપત્ર વાંચન બેઠકના અધ્યક્ષ તરીકેની જવાબદારી નિભાવી હતી.
- તા.૨૩/૯ /૨૨ નારોજ પી.કે .કોટાવાલા આર્ટ્સ કોલેજ પાટણ માં સંસ્કૃત નું મહત્વ અને સ્વરોના પ્રકારો પર તજજ્ઞ વ્યાખ્યાન આપ્યું હતું.
- વડનગર અને મહેસાણા કોલેજના સંયુક્ત ઉપક્રમે અંબાજી ખાતે યોજાયેલા નેશનલ સેમિનારમાં " **ગીતામાં જીવનમૂલ્યો** " વિષય પર સંશોધન પત્ર રજુ કર્યું હતું.
- તા.૧૦/૩/૨૩ના રોજ જીલ્લાપંચાયત, સાબરકાંઠા દ્વારા યોજાયેલ ગૌણ સેવાપસંદગી મંડળની પરીક્ષા અંગેની તાલીમ લીધી હતી.
- તા. ૨૧/૧૧/૨૦૨૨નાં રોજ હિમતનગર મુકામે સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ, જાદર દ્વારા આયોજિત “Investment Awareness” વિષય પર સેમિનારમાં હાજરી આપી.

➢ **ડૉ. એચ.પી. ભોજક**

- તા.૨૦/૨/૨૩ નારોજ બી.સી.શાહ આર્ટ્સ કોલેજ વડાલીમાં યોજાયેલા રાજ્ય કક્ષાના પરિસંવાદમાં હાજરી આપી હતી.

➢ **ડૉ. ડી.બી.સૌન્દરવા**

- તા. 19-09-2022 થી 02-01-2022 સુધી રિફ્રેશરકોર્ષ કર્યો.
- ઇન્ટરનેશનલ કોન્ફરેન્સમાં અંબાજી મુકામે સંશોધનપત્ર રજુ કર્યું.
- આત્મજ એકેડેમીક ઇન્ટરનેશનલ રિસર્ચ જર્નલના જુલાઇ-ડિસેમ્બર ૨૦૨૨ના અંકમાં "નલચંપૂમાં વર્ણવિન્યાસ વક્રતા" સંશોધનપત્ર પ્રકાશિત થયું.
- ડૉ. ડી.બી.સૌન્દરવાએ રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન ન્યુદિલ્હીની મેરીટ સ્કોલરશીપ માટે વર્ષ ૨૦૨૦-૨૧ના 24 વિધાર્થીઓને અંદાજીત રૂ.૧,૯૬૦૦૦|- અને વર્ષ ૨૦૨૧-૨૨ના ૬૫ વિધાર્થીઓને રૂ ૫,૩૪૦૦૦|- સ્કોલરશીપ માટે સક્રિય મદદ કરી હતી.

## (૨) અંગ્રેજી વિભાગ :

- સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે **<u>અંગ્રેજી વિભાગ અને લાયબ્રેરી</u>ના** સયુંકત ઉપક્રમે યુવા સપ્તાહની ઉજવણી કરવામાં આવી, યુવા સપ્તાહ દરમિયાન બૂક રીવ્યુ, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં વિધાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.(તા. 12-01-2023 થી 17-01-2023)
- આ ઉપરાંત **ક્લાસરૂમ સેમિનાર, કલાસરૂમ ટેસ્ટ, વધારાના વર્ગો** , બ્રીજ કોર્સ તેમજ અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ફિલ્મો જેવી કે "**Death of the Salesman**", "**Swami And Friends**", અને "**Pinjar**" બતાવવામાં આવી. હતી.
- વિભાગ દ્વારા અભ્યાસક્રમ અને પરીક્ષા બાબતે WhatsAppથી અભ્યાસની સામગ્રી (Study Material) પૂરી પાડવામાં આવી હતી.
- કોલેજના વિવિધ વિભાગોના કાર્યક્રમો તેમજ સહ અભ્યાસક પ્રવૃત્તિમાં અંગ્રેજી વિભાગના અધ્યાપકો ટેકનીકલ સહયોગ કરતા રહે છે.

➢ ડૉ. પી.આર. ગજ્જર ( અધ્યક્ષ **અંગ્રેજી વિભાગ)**

- તેઓએ વર્ષ દરમિયાન નેશનલ એજ્યુકેશન પોલીસી'NEP ઉપર યોજાયેલ વર્કશોપમાં ભાગ લીધો, ઇન્ટરનેશનલ સેમીનારમાં પેપર રજુ કર્યું, અધ્યાપક સહાયકની ભરતીમાં ચાર કોલેજોના ઇન્ટરવ્યુંમાં યુનીવર્સીટી પ્રતિનિધિ તેમજ અંગ્રેજી વિષય તજજ્ઞ તરીકે સેવા આપી અને **જોબ પ્લેસમેંટ સેલ** દ્વારા આયોજિત વર્કશોપમાં <u>E-Mail Drafting, CV WRITING અને Application writing</u> અંગે માર્ગદર્શન આપ્યું હતું
- **<u>આપણો ઈતિહાસ સ્વાભિમાન અને સંઘર્ષનો</u>**' એ વિષય ઉપર નિવૃત્ત પ્રોફેસર - ડૉ. ગીરીશભાઈ ઠાકરના વ્યાખ્યાનનું આયોજન, વિવિધ નિબંધલેખન સ્પર્ધાઓ તેમજ વકતૃત્વસ્પર્ધાનું આયોજન અને માર્ગદર્શન, જોબ પ્લેસમેંટ કેમ્પમાં સક્રિય સહયોગ, આપ્યો હતો.
- **વર્ષ ૨૦૨૧-૨૨ નો AQAR** , **GSIRF, NIRF અને AISHE રીપોર્ટ તૈયાર કરીને** નિયત સમયમાં સબમિટ **કર્યા.**

➢ પ્રા.જીગર ખરાડી

- તેઓએ વર્ષ દરમિયાન ઇન્ટરનેશનલ સેમીનારમાં પેપર રજુ કર્યું,
- સાંસ્કૃતિક અને રમત ગમત વિભાગમાં સક્રિય કામગીરી કરી હતી.

➢ **પ્રા. જીમલ પટેલ**

- સરદાર પટેલ યુનિવર્સીટી ખાતે (Topic: Mythology And Depiction of Dystopian Futures in Select Indian Science Fiction Novels.') અંગ્રેજી વિષયમાં Ph.D. રજીસ્ટ્રેશન કરાવ્યું.
- IIT – ચેન્નાઈના 'AI.4 ભારત' અંતર્ગત English to Gujarati અનુવાદક તરીકે પસંદગી થઇ.

## (૩) ગુજરાતી વિભાગ :

- ગુજરાતી વિભાગમાં મદદનીશ અધ્યાપક તરીકે રાખી ગમારની નિમણુંક કરવામાં આવી.
- તા.-૨૧/૭/૨૨ના રોજ ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશીની જન્મદિવસની ઉજવણી નિમિત્તે ઓનલાઈન ક્વીઝ સ્પર્ધા, વ્યાખ્યાન, પુસ્તક પ્રદર્શન તેમજ વિધાર્થીઓ દ્વારા નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

- તા.-૨૦-૨-૨૩ના રોજ 'વિશ્વ માતૃભાષા દિવસ' નિમિત્તે માતૃભાષા સંવર્ધન માટે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ➢ ડૉ. મંજુ કે. ખેર ( અધ્યક્ષ : ગુજરાતી વિભાગ)

- તેઓએ વર્ષ દરમિયાન નેશનલ અને ઇન્ટરનેશનલ સેમીનારમાં પેપર રજુ કર્યા હતા તેમજ એક રાષ્ટ્રીય પરિસંવાદમાં હાજરી આપી હતી.
- આનર્ત ગુજ.અધ્યાપક સંઘ'ના ૨૧માં અધિવેશનમાં ભાગ લઇ મંત્રી તરીકેની કામગીરી કરી.
- હેમ.ઉ.ગુજ.યુનિ.પાટણ ખાતે ગુજરાતી વિષયના Ph.D.ના પ્રિ. વાયવા માટે તજજ્ઞ તરીકે સેવા આપી.

## (૪) હિન્દી વિભાગ :

- તા 14/09/2022ના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પોશીના કોલેજના હિન્દી વિભાગના પ્રોફેસર ડૉ. મોહમદ ઇકરામ અબ્દુલરજાક અંસારીનું વક્તવ્ય રાખવામાં આવ્યું હતું.
- તા. 01/08/2022ના રોજ પ્રેમચંદ જયંતી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ➢ પ્રા.ડૉ. દિનેશભાઈ કિશોરી (અધ્યક્ષ, હિન્દી વિભાગ)

- ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરા ખાતે પીએચ. ડી. વિદ્યાર્થીના માર્ગદર્શક તરીકે RACમાં હાજરી આપી હતી.
- આઈ.ટી.આઈ ખેડબ્રહ્મા ખાતે 'શિક્ષક દિવસ' પર આધારિત વક્તવ્ય આપવામાં આવ્યું હતું.
- રાષ્ટ્રીય સેવા યોજના(NSS)ના માર્ગ સલામતી તાલીમ કાર્યક્રમ ગાંધીનગર, તેમજ વાર્ષિક સંગોષ્ઠી શિબિરમાં ઉપસ્થિત હાજર રહ્યા હતા.
- ઇન્ટરનેશનલ સેમિનારમાં પેપર કર્યું હતું.
- અખિલ ગુજરાત કોલેજ અને યુનિવર્સિટી આદિવાસી અધ્યાપક મંડળના વાર્ષિક અધિવેશન-2023માં **વિશિષ્ટ સન્માન પત્ર દ્વારા સન્માનિત** કરવામાં આવ્યા હતા.
- ધોરણ-12(HSC સા.પ્ર)માર્ચ-2023ની પરીક્ષામાં સ્થાયી સ્કોર્ડ તરીકે કામગીરી કરી હતી..

### ➢ પ્રા. મનીષાબેન પટેલ (વિઝીટીંગ ફેકલ્ટી, હિન્દી વિભાગ)

- HNGU, પાટણ, યુનિવર્સિટીમાં હિન્દી વિષયમાં પીએચ. ડી.માં રજીસ્ટ્રેશન કરાવ્યું

## (૫) અર્થશાસ્ત્ર વિભાગ :

- ગાંધીવિચાર, અંદાજપત્ર, વસ્તી, સ્ટાર્ટ અપ વગેરે સંદર્ભિત 10 જેટલા વર્ગ સેમીનારનું આયોજન.
- ગાંધી વિચાર અંગે નિબંધ સ્પર્ધા.
- ટાટા કન્સલ્ટન્ટીંગ રોજગારલક્ષી ક્ષમતા વધારવા ઓનલાઈન કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ➢ ડૉ. રોહિત દેસાઈ( અધ્યક્ષ : અર્થશાસ્ત્ર વિભાગ)

- ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા પ્રકાશિત સહકાર સંબંધીત વિવિધ વિશેષાંકોમાં ૩ જેટલા લેખ પ્રકાશિત થયા.
- ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિ. અમદાવાદ થકી અર્થશાસ્ત્ર વિષય સંદર્ભિત તૈયાર થતા સાહિત્યમાં સહ-લેખક તરીકેની કામગીરી કરી.
- ગુજરાત સરકાર દ્વારા તૈયાર થતા પાટણ જિલ્લાના સર્વસંગ્રહમાં પરામર્શક તરીકેની ભૂમિકા.
- વિવિધ કોલેજોમાં G-20 અને ગાંધી વિચાર અંગે વ્યાખ્યાન આપ્યા.
- રાજ્ય અને રાજ્ય બહારની વિવિધ યુનિ.ના Ph.D થીસીસ મૂલ્યાંકન તરીકેની સેવા.
- ગુજરાત યુનિ. RDC- રિસર્ચ ડેવલપમેન્ટ કમિટી અને H.N.G.U યુનિના NEP - 2020 અંતર્ગત કોમર્સના અભ્યાસક્રમ માળખા ઘડતર સમિતિમાં તજજ્ઞ તરીકેની સેવાઓ આપી હતી.
- H.N.G.U અને રાજ્યની અન્ય યુનિ.ઓમાં પરીક્ષા સંદર્ભિત વિવિધ કામગીરી.
- H.N.G.U યુનિ.ની વિવિધ કોલેજોમાં અધ્યાપક પસંદગી સમિતિના સભ્ય તરીકેની કામગીરી.
- કોલેજ પ્રોસ્પેકટસ,રુસા ગ્રાન્ટ માટે IDP વગેરે બનાવવામાં અન્ય મિત્રો સાથે રહી સક્રિય ભૂમિકા ભજવી.

### ➢ શક્તિસિંહ સોલંકી

- ઓગસ્ટ 2022માં Ph.Dની ઉપાધિ મેળવી.
- પુસ્તક પ્રકાશન : (૩)
  - વિજયનગરનો પરિચય અને આદિવાસી પ્રવાસન
  - પોશીનાનો પરિચય અને આદિવાસી પ્રવાસન

- ભારતીય અર્થતંત્ર
- સામાયિકમાં લેખ પ્રકાશિત થયો.

**(૬) સમાજશાસ્ત્ર વિભાગ :**

- **ડૉ.વી.સી.નિનામા ( કા. આચાર્ય )**
- હેમ.ઉત્તર ગુજરાત યુનિ.પાટણ ખાતે એકેડેમિક બેન્ક ઓફ ક્રેડિટ અને નેશનલ એજ્યુકેશન પોલીસી - ૨૦૨૨ યોજાયેલ સેમિનારમાં ભાગ લીધો હતો.
- કેન્દ્રિયકૃત ભરતી પ્રક્રિયા સંદર્ભે કે.સી.જી. અમદાવાદ ખાતે યોજાયેલ મિટિંગમાં હાજરી આપી હતી.
- કોલેજના વિવિધ વિષયના અધ્યાપક સહાયકના ઇન્ટરવ્યુમાં હાજર રહ્યા હતા.
- **ડૉ.બી.એ.રબારી**
- એક દિવસીય સેમિનારમાં હાજર રહ્યા હતા
- **પ્રા. બી.કે. બરંડા**
- ઇન્ટરનેશનલ સેમિનારમાં પેપર રજુ કર્યું હતું.
- એન.એસ.એસ. શિબિર સહાયક તરીકેની સેવા આપી હતી..

**(૭) મનોવિજ્ઞાન વિભાગ :**

- 'આત્મહત્યા નિવારણ' વિષય પર તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું.
- ડૉ. એન. એમ. તાજપુરિઆ **( અધ્યક્ષ : મનોવિજ્ઞાન વિભાગ)**
- K.C.G. દ્વારા આયોજિત ફેકલ્ટી ડેવલપમેન્ટના પ્રોગ્રામમાં ઇનોવેશનની તાલીમમાં ભાગ લીધો.
- ડૉ. એન.એમ.તજ્પુરિઆના માર્ગદર્શન હેઠળ એક વિધાર્થીએ Ph.d. ની ડિગ્રી પ્રાપ્ત કરી.

**(૮) કોમર્સ વિભાગ :**

- **ડૉ. એમ. બી. પરમાર: ( અધ્યક્ષ : કોમર્સ વિભાગ)**
- Accountancy વિષયના અધ્યાપક સહાયકની પસંદગીમાં વિષય તજજ્ઞ તરીકે બે કોલેજોમાં સેવા આપી.
- Academic Research Journal 'Atmaj" માં પેપર પબ્લિશ થયું હતું.
- આંતરરાષ્ટ્રીય સેમિનારમાં પેપર રજુ કર્યું હતું તેમજ INVESTMENT AWARENESS" વિષય પર સેમિનારમાં હાજરી આપી.
- **<u>ડૉ. કલ્પેશ સુથાર:</u>**
- Academic Research Journal 'Atmaj" માં પેપર પબ્લિશ થયું હતું.
- આંતરરાષ્ટ્રીય સેમિનારમાં પેપર રજુ કર્યું હતું તેમજ INVESTMENT AWARENESS" વિષય પર સેમિનારમાં હાજરી આપી.

**(૯) ગ્રંથાલય વિભાગ :** (ગ્રંથપાલ : ડૉ. હરપાલસિંહ એચ. ચૌહાણ)

- **વર્ષ દરમિયાન ગ્રંથાલય વિભાગ દ્વારા થયેલ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો**

- વર્ષની શરૂઆતમાં નવા પ્રવેશ મેળવેલ વિધાર્થીઓને ગ્રંથાલયનું ઓરીએન્ટેશન કરાવવામાં આવ્યું હતું.
- ગ્રંથાલયમાં વર્ષ દરમિયાન કુલ રૂ.૩૮૪૪૦૫ની કિંમતના ૨૧૦૭ પુસ્તકો , વસાવવામાં આવ્યા હતા અને ૬૮ જેટલા વિવિધ વિષયોના સામયિકોના લવાજમ ભરવામાં આવ્યા હતા.
- ગ્રંથાલયમાં ડિજીટલ લાયબ્રેરી અંતર્ગત ઇન્ફલીબનેના N-LIST પ્રોગ્રામ અંતર્ગત ૬૦૦૦ જર્નલ્સ અને ૭૯૯૫૦૦ ઈ-બુક્સ ઓનલાઈન ઉપલબ્ધ છે.
- વર્ષ દરમિયાન અભ્યાસક્રમલક્ષી સાહિત્ય, પેપેરસેટ વિધાર્થીઓને ઓનલાઈન વેબસાઈટ, વોટ્સઅપ વગેરે સોશ્યલ મિડિયાના માધ્યમથી પહોચાડવામાં આવ્યા હતા.

- વર્ષ દરમિયાન B.COM.ના ૧૦૦% અને B.A.ના ૬૦% વિદ્યાર્થીઓને બુક બેંક અંતર્ગત પાઠ્યપુસ્તક આપવામાં આવ્યા હતા .
- વર્ષ દરમિયાન 7 પી.એચ.ડી. વિદ્યાર્થીઓ સહીત કુલ ૮૫૮૭ વિદ્યાર્થીઓએ ગ્રંથાલયનો ઉપયોગ કર્યો હતો.
- ગ્રંથાલય અને ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે ઉમાશંકર જોશીની ૧૧૧મી જયંતિ નિમિત્તે ગોષ્ઠી અને પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.
- સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે ગ્રંથાલય અને અંગ્રેજી વિભાગ ના સયુંકત ઉપક્રમે યુવા સપ્તાહની ઉજવણી કરવામાં આવી, યુવા સપ્તાહ દરમિયાન પુસ્તક પ્રદર્શન, બૂક રીવ્યુ, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા , અને ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું.

### ➢ ડૉ.હરપાલસિંહ એચ.ચૌહાણ

- નેશનલ સેમિનારમાં ભાગ લીધો હતો.
- NSS શિબિરમાં G-20 **સમીટ વિષયપર વ્યાખ્યાન** આપ્યું હતું.
- વર્ષ દરમિયાન કારકિર્દી માર્ગદર્શન, BAOUકેન્દ્રના સંયોજક, પરીક્ષા સમિતિ, IQAC, વિદ્યાર્થી પરિષદ, **NIRF**, **All India Survey Report**, **GSIRF** **પ્રોસ્પેક્ટસ**, **રુસા ગ્રાન્ટ માટે IDP** વગેરે કામગીરી કરી હતી.

### **(૧૦)** N.C.C. **વિભાગ :** (N.C.C. ઓફિસર : ડૉ. દિલીપ બી. સોંદરવા)

- 26 કેડેટની પ્રથમ વર્ષમાં ભરતી કરવામાંઆવી.
- વર્ષ દરમિયાન વિશ્વયોગ દિવસની, 'ત્રિરંગાયાત્રા' સેલ્ફિ વીથ ત્રિરંગા , સ્વતંત્રતા દિવસ, બાળદિવસ ઉજવણી, નદીની પ્રતિક સફાઈ, ઝન્ડાદિવસ નિમિત્તે ફાળો એકત્રીકરણ, બ્લડ ડોનેશન કેમ્પ, ભ્રષ્ટાચારમૂક્ત ભારત વિષય પર નિબંધ સ્પર્ધા વગેરે કાર્યક્રમો યોજાયા હતા.
- ૩૦ કેડેટે ATC કેમ્પ થામણા મુકામે ટ્રેનીંગ લીધી.
- નેશનલકેમ્પ SNICમાં ૧ કેડેટની અને સ્ટેટલેવલ કેમ્પ 'માઉંટેનિંગ ટ્રેનીંગ'માં બે કેડેટની પસંદગી થઈ હતી. .

### **(૧૧) N.S.S. વિભાગ :** (પ્રોગ્રામ ઓફિસર : **ડૉ. દિનેશભાઈ કિશોરી**.)

- વર્ષ દરમિયાન વૃક્ષારોપણ, રન ફોર તિરંગા, સ્વતંત્ર દિવસની ઉજવણી,અંબાજી પદ યાત્રિયો માટે સેવા કાર્ય, એન.એસ.એસ.ડે ની ઉજવણી, મતદાન જાગૃતિ કાર્યક્રમ, રક્તદાન કેમ્પ, પ્રજાસત્તાક દિનની ઉજવણી વગેરે કાર્યક્રમો યોજાયા હતા.
- સરકારી વાણિજ્ય કોલેજ વડાલી ખાતે ત્રણ સ્વયં સેવકો દ્વારા યોગાસન તાલીમ શિબિરમાં ભાગ લધો.
- કલોલ ગામ ખાતે વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

### **(૧૨) સાંસ્કૃતિક સમિતિ : (**સંયોજક : ડૉ.એમ.કે. ખેર)

- 'આઝાદીનો અમૃત મહોત્સવ' ના નેજા હેઠળ ક્વીઝ. ચિત્ર અને રંગોલી, દેશભક્તિના ગીતો, એકપાત્રીય અભિનય, ડાન્સ વગેરે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- 'વિશ્વ આદિવાસી દિવસ'ની ઉજવણી નિમિત્તે આદિવાસી તહેવારો અને રીતરીવાજોમાં ગવાતા ગીતો, નૃત્ય, ભજનો તેમજ ઢોલ-નગારા સાથે રેલીનું આયોજન કરાયું હતું.
- નવરાત્રી નિમિત્તે ગરબાનું આયોજન કર્યું હતું.
- રાષ્ટ્રીય મતદાન જાગૃતિ અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

### **(૧૩) કારકિર્દી માર્ગદર્શન કેન્દ્ર :** (સંયોજક : ડૉ. રોહિત દેસાઈ તથા ડૉ. હરપાલસિંહ ચૌહાણ)

- વર્ષ ૨૦૨૨-૨૩ માં કારકિર્દી માર્ગદર્શન કેન્દ્રમાં કુલ **૩૩૫** વિદ્યાર્થીઓ જોડાયા હતા.
- વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે દર શનિવારે ડૉ.હરપાલસિંહ ચૌહાણ અને ડૉ.રોહિતભાઈ દેસાઈ દ્વારા જનરલ નોલેજના વર્ગો યોજવામાં આવ્યા હતા.

- વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગરના સંયુક્ત ઉપક્રમે જનરલ નોલેજ બુદ્ધિ કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું.. જેમાં **ગમાર શામળભાઈ મશરુભાઇ** સમગ્ર ગુજરાતમાં **૧૫૪**માં રેન્ક સાથે કોલેજમાં પ્રથમ સ્થાન મેળવી ઇનામને પાત્ર થયા હતા.
- જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી, હિંમતનગર અને અમર સોશ્યલ વેલ્ફેર એન્ડ ડેવલપમેન્ટ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નિશુલ્ક પોલીસ ભરતી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું.
- નગર રોજગાર કચેરી, ખેડબ્રહ્મા અને જિલ્લા રોજગાર વિનિમય કચેરી, હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે **રોજગાર ભરતી મેળાનું આયોજન** કરવામાં આવ્યું હતું. રોજગાર મેળામાં કુલ **૪ કંપનીઓ** એ ભાગ લીધો હતો. જેમાંથી **૮૭ ઉમેદવારોની** પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી

## (૧૪) શારીરિક-શિક્ષણ વિભાગ : (સંયોજક :પ્રા. જીગર ખરાડી)

- આ વર્ષે કોલેજના વિધાર્થી ભાઈઓ તથા બહેનોની ટીમોએ યુનિવર્સિટી દ્વારા યોજાયેલી **ક્રોસ કન્ટ્રી, સ્વિમિંગ, આર્ચરી, ખો-ખો, ફૂટબોલ**, **એથ્લેટિક્સ એમ કુલ ૬** સ્પર્ધાઓ માં ભાગ લીધો હતો. જેમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી કોલેજનું નામ રોશન કર્યું હતું.
- આટ્ર્સ કોલેજ ધાનેરા ખાતે યોજાયેલી **ક્રોસ કન્ટ્રી સ્પર્ધામાં** કોલેજની ટીમ **યુનિવર્સીટી ચેમ્પિયન** બની હતી. જેમાં
    - દિલીપભાઇ લવજીભાઈ પરમારે **૩૪** મિનીટમાં **૧૦** કી.મી. દોડ પૂરી કરી **યુનિવર્સીટીમાં પ્રથમ ક્રમ** મેળવ્યો હતો.
    - બંસીભાઈ લક્ષ્મણભાઈ પરમારે **બેંગ્લોરમાં પ્રેસિડેન્સી યુનિવર્સીટી** ખાતે યોજાયેલ **ઇન્ટર યુનિવર્સીટી ક્રોસ કન્ટ્રી** સ્પર્ધામાં ભાગ લીધો હતો.
- ડિપાર્ટમેંટ ઓફ ફિજીકલ એજ્યુકેશન, પાટણ ખાતે યોજાયેલી **સ્વિમિંગ સ્પર્ધામાં 5** વિધાર્થીઓ ભાઈઓએ ભાગ લીધો હતો.
    - જેમાં **તુલસીકુમાર રમેશભાઈ બુબડિયાએ** સ્વિમિંગની ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં **પ્રથમ અને** ૫૦ મીટર બેક સ્ટ્રોકમાં પણ **પ્રથમ ક્રમ** પ્રાપ્ત કર્યો હતો .
    - **જયારે** દિલીપભાઈ લવજીભાઈ પરમારે ૫૦ મીટર ફ્રી **સ્ટાઈલમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો.**
    - **ગમાર મહેશકુમાર લક્ષમણભાઈ સ્વિમિંગની 200મીટર બેક સ્ટ્રોક સ્પર્ધામાં તૃતીય ક્રમ** પ્રાપ્ત કર્યો હતો.
- હિંમતનગરખાતે યોજાયેલ યુનિવર્સિટી **આર્ચરી સ્પર્ધામાં** ભાઈઓની અને બહેનોની ટીમે ભાગ લીધો હતો જેમાં ભાઈઓની ટીમ યુનિવર્સિટીમાં **દ્વિતીય ક્રમે** રનર્સઅપ રહી હતી.

## (૧૫) B.A.O.U. (બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી :

**કેન્દ્ર સંયોજક**: ડૉ. હરપાલસિંહ ચૌહાણ

- આ કેન્દ્રમાં વર્ષ દરમિયાન વિવિધ સ્નાતક, અનુસ્નાતક, ડિપ્લોમાં અને સર્ટીફીકેટ કોર્સમાં કુલ ૧૭૧ વિધાર્થીએ પ્રવેશ લીધો હતો.

## (૧૬) આદિવાસી સંશોધન કેન્દ્ર : (સંચાલક : ડૉ. આર.જે.દેસાઈ)

- કોલેજના આદિવાસી સંશોધન કેન્દ્ર દ્વારા ભારત વિકાસ પરિષદના સંયુક્ત ઉપક્રમે ગ્રામ્ય વિસ્તારની **બે સ્કૂલોમાં નોટબુક**, લીલાવંટા-બોરડી ગામના 15 જેટલા વિધાર્થીઓને **આંબાની કલમો**નું વિતરણ અને **કોલેજ કેમ્પસ**માં શ્રી રાજાભાઈ ચાવલા અને શ્રી જગદીશ ભટ્ટના સહયોગથી **વૃક્ષારોપણ** કરવામાં આવ્યું હતું.
- સંશોધન કેન્દ્ર દ્વારા **HPCL** સ્કોલરશીપ માટે સક્રિય કામગીરી કરી હતી.જે અંતર્ગત **224** વિધાર્થીઓને અંદાજે રૂ.**12,46000**/- ની સ્કોલરશીપ મળી હતી.
- વર્ષ દરમિયા**ન 10** જેટલા Ph.D કરતા વિધાર્થીઓને સેકન્ડરી ડેટાબેજ મેળવવામાં તથા રિસર્ચ સંદર્ભિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## (૧૭) વિમેન સેલ : (સંયોજક : ડૉ. એમ. કે. ખેર)

- આંતરરાષ્ટ્રીય વુમન ડે નિમિત્તે સાબરકાંઠા પોલીસ અને કોલેજના વુમન સેલના સંયુક્ત ઉપક્રમે કોલેજની ૩૦ વિધાર્થીનીઓને રાઈફલ અને તિરંદાજીની ટ્રેનીગ આપવામાં આવી હતી.
- તા.૧૮/૩/૨૩ ના રોજ આંતરરાષ્ટ્રીય વુમન ડે નિમિત્તે સ્ત્રી શિક્ષણ અને સામાજિક દાયિત્વ વિષય પર શ્રી હરીશ પ્રેમલાનીનું વ્યાખ્યાન યોજાયું હતું.

(૧૮) વાલીમંડળ તથા પૂર્વ વિદ્યાર્થીમંડળ : (સંયોજક : ડૉ. કે. ડી. પટેલ)

- વાલીમંડળ તથા કૉલેજના પૂર્વ વિદ્યાર્થીઓનું વાર્ષિક સ્નેહ-સંમેલન દર વર્ષે અપ્રિલ મહિનામાં યોજાય છે. આ વર્ષે પણ અપ્રિલ મહિનામાં સંમેલન યોજવામાં આવશે.

## (૨૦) વિદ્યાર્થી-પરિષદ : (સંયોજક : ડૉ. કે. ડી.પટેલ )

- વર્ષની શરૂઆતમાં બી.એ.-બી.કોમ. પ્રથમ સેમ.માં પ્રવેશ મેળવતાં વિદ્યાર્થીઓ માટે પરિચય-બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત વિદ્યાર્થીઓનું કુમ-કુમ તિલકથી સ્વાગત કરી વિવિધ પ્રવૃત્તિઓના અધ્યક્ષો દ્વારા માહિતી આપવામાં આવી હતી.
- તા. 1-9-૨૦૨૨ના રોજ વિદ્યાર્થી પરિષદની રચના કરવામાં આવી હતી જેમાં G S તરીકે કલ્પેશ પરમાર B.Com.-6 અને L R તરીકે માનસી કે.પટેલની બિનહરીફ વરની કરવામાં આવી હતી.
- તા.૧૬/૦૭/૨૦૨૨ન શનિવારને રોજ સંતશ્રી શુક્દેવાનંદજી મહારાજ અને પ.પૂ.. સાધ્વીજી હાંસાબા (યોગ વેદાંત આશ્રમ, ભાલુસણા) ના સાનિધ્યમાં ગુરુપર્વનું આયોજન કરવામાં આવ્યું હતું.
- તા.૫/9/૨૦૨૨ન રોજ સ્વયં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી.
- તા. 2/2/૨૦૨૩ થી 5/2/૨૦૨૩ દરમિયાન સૌરાષ્ટ્ર ખાતે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આયોજન અને સંચાલન ડૉ.કે.ડી.પટેલ , ડૉ.મંજુબેન કે. ખેર, ડૉ. શક્તિસિંહ સોલંકી અને શ્રી યોગેન્દ્રસિંહ ચૌહાણે કર્યું હતું.
- તા.૧૭/૨/૨૦૨૩ના રોજ કોમર્સ વિભાગમાં છેલ્લા ૧૨ વર્ષથી માનદ સેવા આપતા ડૉ.કલ્પેશ સુથારની મહુધા કોલેજમાં કાયમી અધ્યાપક તરીકે નિમણુક થતા કોલેજ પરિવાર અને સંચાલક મંડળ દ્વારા ભાવભી વિદાય આપવામાં આવી હતી.
- તા.૨૨/9-૨૦૨૨ના રોજ આપનો **ઈતિહાસ, સ્વાભિમાન અને સંઘર્ષ** વિષય પર અખિલ ભારતીય ઈતિહાસ સંકલન યોજના, નવી દિલ્હીના ઉપાધ્યક્ષ ડૉ.ગીરીશભાઈ ઠાકરે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં GPSCના પૂર્વ અધ્યક્ષ શ્રી હસમુખભાઈ જોશીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.
- તા. ૧૧/૩/૨૩ ના રોજ વિદ્યાર્થી પરિષદ અને કર્મચારી ધિરાણ મંડળી ખેડબ્રહ્માના સંયુક્ત ઉપક્રમે નડાબેટ,સુઇગામ,બનાસકાંઠા ખાતે કોલેજ સ્ટાફ સાથે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારત પાકિસ્તાન બોર્ડર,પ્રદશન,પરેડ, નાડેશ્વરીમાતાનાદર્શન કર્યા હતા.

**(૨૧)વકતૃત્વ,નિબંધ, સર્જન અને રચનાત્મક અભિવ્યક્તિ સમિતિ (ડૉ.નિશા એમ.તાજપુરિઆ )**

- આઝાદીના અમૃત મહોત્સવ અને હર ઘર તિરંગા અંતર્ગત નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા અને દેશભક્તિ ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

**(૨૨) ઇનોવેશન ક્લબ (કૉઓર્ડિનેટર : ડૉ.નિશા એમ.તાજપુરિઆ )**

- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ગાંધીનગર ના સંયુક્ત ઉપક્રમે ઇનોવેશન ક્લબ દ્વારા તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ટ્રેનર તરીકે શ્રી. જયકુમાર પટેલે વિદ્યાર્થીઓને ડ્રોન કેમેરા , ટેલીસ્કોપ તથા અન્ય કિટના ઉપયોગ અંગે પ્રેકટીકલ દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

## (૨૩) ઉદીશા પ્લેસમેન્ટ સેલ ( ડૉ.કે.ડી.પટેલ )

- જોબ વિલિંગ એજ્યુકેશન, હિમતનગર સંસ્થાના સહયોગથી પ્લેસમેન્ટ ફેર સંદર્ભે એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફાઉન્ડર બિજનેસ મેનેજર શ્રી ચિરાગભાઈ નાઈ તથા મેનેજીંગ ડાયરેકટર શ્રી કુલદિપ ભાઈ સુથારે તાલીમ આપી હતી.
- હિમતનગર ખાતે યોજાયેલા પ્લેસમેન્ટ ફેર-૨૦૨૩માં 20 વિદ્યાર્થીઓએ ભાગ લઇ વિવિધ કંપનીઓમાં ઈન્ટરવ્યું આપ્યા હતા. ત્યારબાદ બેરણાના પ્રાકૃતિક સૌંદર્યથી ઘેરાયેલા હુમાન મંદિરની મુલાકાત લીધી હતી.

(૨૪) **IQAC (Internal Quality Assesement Cell):(**સંયોજક :ડૉ. પ્રકાશભાઈ ગજ્જર )

- **AQAR (રિપૉર્ટ) - 2021 - 22** નિયત સમયમાં સબમિટ કર્યો.
- **GSIRF, NIRF અને AISHE રીપોર્ટ તૈયાર કરીને સબમિટ કર્યા**..